આકાશવાણી, અમદાવાદ

19-06-2026 Midday: 2.30 to 2.35 pm

FRIDAY Regional News

## BHUPENDRA YADAV GNR

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, કેન્દ્ર સરકાર ગુજરાતમાં ચિત્તાના વસવાટ અંગે વિચાર કરી રહી છે. પ્રોટોકોલ અને નિયમો મુજબ આ અંગે નિર્ણય લેવાશે. ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી યાદવે રાજ્યમાં સિંહોના મૃત્યુ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, આ બાબતે કેન્દ્રીય વન વિભાગ નજર રાખી રહી છે. સિંહોના સંવર્ધન માટે કેન્દ્ર સરકાર સંપૂર્ણ પ્રયાસરત્ હોવાનું પણ તેમણે ઉમેર્યું.

શ્રી યાદવે આજે ગાંધીનગરમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C. ખાતે ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો. તેમજ તેમના દ્વારા તૈયાર કરાતા વિવિધ ઉપકરણોને પણ નિહાળ્યા હતા. અગાઉ શ્રી યાદવે ગાંધીનગરમાં પેથાપુર તળાવ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

## BHUPENDRA YADAV VIKSIT BHARAT

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગત 12 વર્ષમાં દેશ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ દ્વારા વ્યાખ્યાયિત શાસન મોડેલ તરફ આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ કાર્યકાળની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલનને સંબોધતા શ્રી યાદવે કહ્યું, સરકારે નિર્ણાયક સંશાધનો આર્થિક રીતે નબળા લોકો સુધી સીધા પહોંચાડવાનું વિશાળ કાર્ય પૂર્ણ કર્યું છે. તેમણે ઉમેર્યું કે આજે સરકારની સિદ્દ્ધિઓએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત તરફની સફર માટે મજબૂત પાયો નાખ્યો છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ભારત હવે વિશ્વની ચોથું સૌથી મોટું અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે અને વૈશ્વિક આર્થિક મંદી વચ્ચે પણ ભારતે સ્થિતિસ્થાપક વૃદ્દ્ધિ દર જાળવી રાખ્યો છે. રાષ્ટ્રીય સ્વનિર્ભરતાનો ઉલ્લેખ કરતા શ્રી સંઘવીએ કહ્યું, ભારત એક આયાતકારમાંથી સંરક્ષણ શસ્ત્રોના મુખ્ય નિકાસકારમાં પરિવર્તિત થયું છે. તેમણે માળખાકીય સુવિધાઓના વિકાસની અભૂતપૂર્વ ગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

## RAKSHA KHADASE SURAT

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસેએ સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લીધી. સેવ પખવાડા અંતર્ગત તેઓ સ્વચ્છતા અભિયાનમાં પણ જોડાયાં હતાં. ત્યારબાદ વૃક્ષારોપણ કરી તેમણે NSS અને માય ભારતના સ્વયંસેવકો સાથે સંવાદ કરી રાષ્ટ્રનિર્માણમાં યુવાનો અને મહિલાઓની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો

## PAVAGADH TRAGEDY

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં સવારે પાંચ વાગ્યાની આસપાસ વરસાદના કારણે પાટિયાપૂલ નજીક પથ્થર ધરાશાયી થતાં બે લોકોના મોત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, આ દુર્ઘટનામાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તેમાંથી ત્રણ લોકોને હાલોલની રેફરલ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. આ અંગે પ્રાન્ત અધિકારી જે. ડી. પટેલે વધુ માહિતી આપી.

## BHARUCH DISHA JAHAJ

અંદાજે 62 હજાર 370 મેટ્રિક ટન LNG ભરેલું માલવાહક જહાજ “દિશા” ભરૂચના દહેજ બંદરે પહોંચ્યું છે. 15 જૂને આ જહાજ હોર્મૂઝ સામુદ્રધૂનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયું હતું. શિપિંગ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાન આગેવાની હેઠળ કન્સોર્ટિયમ દ્વારા આ જહાજનું સંચાલન કરાય છે અને તે પેટ્રોનેટ LNG માટે કાર્યરત્ છે.

## BHAVNAGAR RAGGING CASE

ભાવનગરમાં મેડિકલ કૉલેજના રેગિંગ પજવણી મામલાના દોષિત વિદ્યાર્થીઓને છાત્રાલયમાંથી હાંકી કાઢવા અને કૉલેજમાંથી બરતરફ કરવાના આદેશ અપાયા છે. સત્તાવાર યાદી મુજબ, આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાની સૂચનાથી ગઈકાલે યોજાયેલી એન્ટિ-રેગિંગ કમિટીની બેઠક રાત્રે બે વાગ્યે પૂર્ણ થઈ હતી. તેમાં તમામ હકીકત, પુરાવાઓ અને નિવેદનોના આધારે દોષિત વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહીના આદેશ અપાયા. તે મુજબ, એક વિદ્યાર્થીને બે વર્ષ માટે, ત્રણ વિદ્યાર્થીને એક વર્ષ માટે અને બે વિદ્યાર્થીને છ મહિના માટે કૉલેજમાંથી તાત્કાલિક અસરથી બરતરફ કરાયા છે. આ સમયગાળા દરમિયાન તેઓ કોઈ પણ શૈક્ષણિક, ક્લિનિકલ, સંશોધન અથવા કૉલેજની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ નહીં લઈ શકે.